તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪ | ૨૬ માર્ચ, ૨૦૧૬, શનિવાર ; ફાગણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મહેબુબા મુફ્તી કાશ્મીરની પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનશે

## કટોકટીનો અંત : ભાજપ-પીડીપી સાથે મળી સરકાર બનાવવા રાજી : તમામ અડચણોનો અંત : ભાજપ અને પીડીપી નેતાઓની જુદી જુદી બેઠકોમાં અંતે સર્વસંમતિથી નિર્ણયો : નિર્મલ સિંહ ફરીથી નાયબ મુખ્યમંત્રી બનશે



નવીદિલ્હી, જમ્મુ,તા. ૨૫

જમ્મી કાશ્મીરમાં સરકારની રચનાને લઈને છેલ્લા કેટલાક મહિનાથી ચાલી રહેલી રાજકીય કટોકટીનો અંત આવી ગયો છે. પીડીપી અને ભાજપ ગઠબંધનની સરકાર બનવા આડેની તમામ અડચણો આજે દૂર થઈ ગઈ હતી અને સરકાર બનવાનો રસ્તો સાફ થયો હતો. જમ્મુમાં ભાજપ ધારાસભ્યોની આજે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, પીડીપીની સાથે મળીને ભાજપ સરકાર બનાવવા માટે તૈયાર છે. બેઠક બાદ ભાજપના એક નેતાએ પીડીપી સાથે મળીને સરકાર બનાવવાની જાહેરાત કરી હતી. પાર્ટી એક બે દિવસમાં રાજ્યપાલને સમર્થન પત્ર આપી દેશે. આ ગઠબંધન સરકારમાં નિર્મલસિંહ નાયબ મુખ્યમંત્રી રહેશે. ભાજપે એમ પણ કહ્યું છે કે, રાજ્યપાલને બંને પાર્ટીના નેતા મળશે. જમ્મુ કાશ્મીર ભાજપના અધ્યક્ષ સતશર્માએ કહ્યું છે કે, બંને પક્ષોના નેતાઓ રાજ્યપાલ એનએન વોરાને મળશે અને સરકાર રચવા માટેની દરખાસ્ત રજૂ કરશે. ગઠબંધનના એજન્ડામાં કોઈ ફેરફાર કરાશે નહીં.

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસની ડીએમકે સાથે બેઠકોની વહેંચણી સંદર્ભે ચર્ચા

## ગુલામ નબીની કરૂણાનિધિ સાથે વાતચીત : કોણ કેટલી બેઠક પર ચૂંટણી લડશે તેને લઈને હજુ પણ સસ્પેન્સ : જટિલ મુદ્દા ઉપર વાતચીતનો દોર હજુ જારી

ચેન્નાઈ,તા. ૨૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે ડીએમકેના વડા કરુણાનિધિ સાથે આજે વાતચીત કરી હતી. સાથે સાથે બેઠકોની વહેંચણીના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરી હતી. તમિળનાડુમાં આગામી વિધાનસભાની ચૂંટણી માટેની વ્યૂહરચના પર ચર્ચા થઈ હતી. જો કે, હજુ સુધી બેઠકોની વહેંચણી મુદ્દે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ડીએમકેના વડા સાથે બેઠક યોજ્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર

# બ્રસેલ્સથી ૨૪૨ ભારતીય હેમખેમ પરત

## યાત્રીકોને જેટ ફ્લાઇટથી દિલ્હી પરત લવાયા : ભારતીય દૂતાવાસ અને બેલ્જિયમ સરકારની કામગીરીની પ્રશંસા : દહેશતપૂર્ણ યાદોને યાત્રીએ તાજી કરી

નવીદિલ્હી, બ્રસલ્સ,તા. ૨૫

બેલ્જિયમના પાટનગર બ્રસલ્સમાં વિમાની મથક અને મેટ્રો સ્ટેશન પર થેયલા ઘાતક આતંકવાદી હુમલા બાદ ત્યાં ફસાઈ ગયેલા ૨૮ ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ યાત્રીઓને લઈને જેટ એરવેઝની ફ્લાઈટ આજે દિલ્હી આવી પહોંચતા તેમના સગાસંબંધીઓ રાહતનો દમ લીધો હતો. જેટ એરવેઝના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, આજે સવારે ૫.૩૦ વાગે આ વિમાન ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે પહોંચી ગયું હતું. પ્રવક્તાએ કહ્યું હતું કે, વિમાન ૨૧૪ યાત્રી અને ક્રૂ મેમ્બરના ૨૮ સભ્યો હતા. એમ્સ્ટર્ડમથી રવાના થયા બાદ જેટ એરવેઝની ફ્લાઈટ ૯ડબલ્યુ ૧૨૨૯ દિલ્હી થઈને મુંબઈ આવનાર હતું. વિમાન ગઈકાલે એમ્સ્ટર્ડમથી સ્થાનિક સમય મુજબ ૪.૫૪ મિનિટે રવાના થયું હતું.

મંગળવારના દિવસે બ્રસલ્સમાં વિમાની મથક અને મેટ્રો સ્ટેશન પર ઘાતક આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફસાઈ ગયેલા યાત્રીઓ માટે ગઈકાલે એમ્સ્ટર્ડમથી મુંબઈ, દિલ્હી અને ટોરેન્ટો માટે વિમાન ઓપરેટ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

જો કે, વિમાનમાં ટેકનિકલ સમસ્યા હોવાના કારણે મુંબઈની ફ્લાઈટને રદ કરીને દિલ્હી સાથે જોડી દેવામાં આવી હતી. દિલ્હી પરત ફરેલા તમામ યાત્રીઓએ કહ્યું હતું કે, બ્રસલ્સમાં ભારતીય દૂતાવાસ અને ત્યાંની સરકારે ખુબ સારી કામગીરી કરી છે. યાત્રીઓએ કહ્યું હતું કે, કોઈ ફ્લાઈટ ન હોવાના કારણે અમે ત્યાં ફસાઈ ગયા હતા. દિલ્હી આવીને યાત્રીઓને ખુશી અનુભવી હતી. બ્લાસ્ટની ઘટનાને યાદ કરીને યાત્રીઓએ કહ્યું હતું કે, વિમાની મથકથી બહાર નિકળવાનો સંપૂર્ણ રસ્તો બંધ થઈ ગયો હતો. સેંકડો લોકો જાન બચાવવા માટે ચારેબાજુ ભાગી રહ્યા હતા. ચારેબાજુ લોહીના ખાબોચિયા હતા.


ગાંધીનગરની સ્વાદની શોખીન જનતા માટે
ખુશખબર.... ખુશખબર....
સ્વાદ રસિયા સુરતીઓનું મન મોહી લેનાર
સુરતના પ્રખ્યાત ૪૫ વર્ષ જુના
મહાવીરના નમકીન
તેમજ
વિવિધ વેરાયટી અને સ્વાદમાં તમામ ડ્રાયફ્રુટ
એક જ જગ્યાએ મેળવવાનું સ્થળ
પાર્શ્વ
નમકીન એન્ડ ડ્રાયફ્રુટ
૨, શોપીંગ સેન્ટર, અંબાજી મંદિર સામે,
અપના બજાર પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. : ૯૯૨૫૦૪૫૫૨૭, ૯૯૨૪૯૭૦૦૪૩



Retro Infotech
Redefine The Web Fashion
( Venue Partner )
NARAYANI HEIGHTS
HOTEL AND CLUB
Brandd
Media & Entertainment
27 માર્ચ સાંજે 6:30 કલાકે
હાસ્ય નો વરઘોડો
શહાબુદ્દીન રાઠોડ
સાથે હરપાલસિંહ ઝાલા



Contact for passes :
+91-9328071150
+91-9601916224
+91-8999986633
+91-9879619922
ગુજરાતી હાસ્ય કાર્યક્રમ
Venue
Narayani Heights
Ahmedabad
Airport-Gandhinagar road
Near Apollo Hospital Bhatt
Dist: Gandhinagar Gujarat
પાસ અહીં મળશે
GANDHINAGAR SAMACHAR OFFICE,684/1,SECTOR-8
INFOCITY — JAI GOGA CANTEEN,INFOCITY,NEAR TOWER NO 2
MAHERBAN PAN HOUSE (SUPER MALL) — KAVYA GIFT (SUPER MALL)
SAMS PIZZA (SUPER MALL) — DRS FOOD (SUPER MALL)


# આસામ ચૂંટણી માટે ભાજપનું વિઝન ડોક્યુમેન્ટ જારી થયું

ગુવાહાટી,તા. ૨૫

કેન્દ્રીય પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ આજે આસામ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપના વિઝન ડોક્યુમેન્ટને રજૂ કરતા કેટલીક જાહેરાતો કરી હતી. પત્રકાર પરિષદને સંબોધતા જેટલીએ કહ્યું હતું કે, આસામ વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ સરકારને ઉખાડી ફેંકવાની ઐતિહાસિક તક છે. ભાજપના નેતાએ ભારપૂર્વક કહ્યું હતું કે, વિઝન ડોક્યુમેન્ટમાં ૨૦૧૬-૨૦૨૫ સુધી આસામ માટેની રુપરેખા નક્કી કરવામાં આવેલી છે. પાર્ટીના ચૂંટણી ઢંઢેરાના સંદર્ભમાં

● અનુસંધાન પાન-૭ પર


12th/FY/SY/TY પછી
ફોનથી રજીસ્ટ્રેશન જરૂરી
ગાંધીનગરમાં ફ્રી સેમિનાર
વાલીઓ પણ આમંત્રિત
તા.26 માર્ચ (સાંજે 4 કલાકે)
સ્થળ : સ્ટાફ ટ્રેનિંગ સેન્ટર (STC), ચ-5, ફૂવારા પાસે, સેક્ટર-17
કલેક્ટર (IAS)
એસ.પી.(IPS)
Dy. S.P., મામલતદાર (GPSC)
Inspector (Custom / Income tax)
વગેરેની તૈયારી કેવી રીતે કરશો
વક્તા : રજનીશ સિંહ તોમર
(દિલ્હીના તજજ્ઞ અને સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શનના 16 વર્ષના અનુભવી)
વિશ્વાસ એજ્યુકેશન
307, B-Block, એટ્રીયા કોર્નર, સરગાસણ ચાર રસ્તા, ખ-0 એસ.જી. હાઈવે, ગાંધીનગર
9426880577



ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અધતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫



Shri Bhuvaneshwari Aushadhashram
NAGARJUNA
BAN Since 1966
Himalaya HERBAL HEALTHCARE
ZANDU
धूतपापेश्वर
VASU Healthcare Pvt. Ltd.
पतंजलि
Baidyanath ASLI AYURVED
Dabur
SANDU
Charak
આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415



LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧


## પૂણ્ય સ્મરણ



સ્વર્ગવાસ
ફાગણ વદ-૩
સંવત ૨૦૫૭

जातस्य ही ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

પંદરમી પુણ્યતિથિએ
પૂજ્ય શારદાબાને શત્ શત્ પ્રણામ

● કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
● જાગૃતિ - બિપીનકુમાર ● ચારૂ - દર્શનકુમાર